# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **અર્પિશા રાજપુરોહિત** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WEATHER

રાજ્યમાં આજે સવારથી વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતુ, જેના કારણે લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી રહી છે. આ ઉપરાંત પવન ફૂંકાવાના કારણે ગરમીનો પારો ગગડ્યો છે..

ત્યારે આજે સવારે બે તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે.. ગાંધીનગર સ્થિતિ સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આઁકડા અનુસાર ઉત્તર ગુજરાતના મહેસાણાના જોટાણામાં 11 મિલીમીટર વરસાદ જ્યારે પાટણના ચાણસ્માામાં બે મિલીમીટર વરસાદ નોંધાયો છે.. જ્યારે હવામાન વિભાગે આવતીકાલ સુધી કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાત તેમ જ સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ધૂળની ડમરી સાથે પવન ફૂંકાવાની સંભાવના વ્યક્ત કરી છે. જે દરમિયાન પવનની ગતિ અંદાજે 40 કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની સંભાવના છે.

# JUNAGADH- MACHHIMARI

જુનાગઢ સહિત રાજ્યભરના દરિયાકાંઠે માછીમારોનું 61 દિવસનું વેકેશન શરૂ થયું છે. દર વખતે ચોમાસામાં દરિયામાં બોટ લઈ જવા ઉપર મત્સ્યવિભાગ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવે છે, જેના અનુસંધાને ગઈકાલે મત્સ્ય વિભાગ દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરીને આગામી 31મી જુલાઈ સુધી દરિયામાં બોટ ન લઈ જવા માછીમારોને તાકીદ કરવામાં આવી છે.

જુનાગઢ જિલ્લાની છ હજાર ચારસો જેટલી બોટ ગઈકાલે ચોરવાડ, માંગરોળ સહિતના દરિયાકાંઠે લાંગરી દેવામાં આવી હતી. હવે પછી પહેલી ઓગસ્ટથી માછીમારો ફરીથી દરિયો ખેડવાનું શરૂ કરશે. જો કે, આ બે મહિનાના સમયગાળા દરમિયાન માછીમાર ભાઈઓ પોતાની બોટનું રીપેરીંગ તેમજ

આધુનિક સુવિધા સાથે માછીમારીનો સારો વ્યવસાય કરી શકે તે દિશામાં કામગીરી કરે છે..

# A’VAD- TRAFFIC SHORT FILM

અમદાવાદ શહેરમાં ટ્રાફિક જાગૃતિ લાવવા માટે પોલીસ તંત્ર દ્વારા શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા યોજાઇ છે. પહેલી જૂનથી ૩૦ જુન સુધી યોજાનારી આ હરિફાઇમાં સ્પર્ધકે ગુજરાતી અને હિન્દીમાં શોર્ટ ફિલ્મ તૈયાર કરવાની રહેશે.

અમદાવાદ શહેરના ટ્રાફિક વડા એન.એન.ચૌધરીએ કહ્યું કે, આ સ્પર્ધા અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ યોજાશે.. જ્યારે અમદાવાદ પૂર્વના ટ્રાફિક ડીસીપી સફીન હસને કહ્યું કે, શહેર ટ્રાફિક પોલીસના એક્સ અકાઉન્ટ અને ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટના પ્રોફાઇલ પર આપેલી લિંક પર ક્લિક કરી ગૂગલ ફોર્મમાં રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. પશ્ચિમ વિસ્તારના ટ્રાફિક ડીસીપી નીતા દેસાઇએ કહ્યું કે, જ્યુરી દ્વારા પસંદ કરવામાં આવેલી શ્રેષ્ઠ ૫૦ કૃતિને પ્રમાણપત્ર એનાયત થશે અને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે આવનાર ફિલ્મને રોકડ પુરસ્કાર અપાશે..

**(બાઇટ- એન.એન. ચૌધરી, અધિક પોલીસ કમિ.)**

# GSHEB- ANSWER KEY

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે જણાવ્યું છે કે, ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ આગામી છથી 8 જૂન સુધી ઉત્તરવહીઓનું અવલોકન કરી શકશે.

ઉત્તરવહી અવલોકનમાં ઉપસ્થિત રહેવા અરજી કરનાર વિદ્યાર્થીઓએ કૉલ-લેટર બોર્ડની વેબસાઈટ gseb.org અથવા sci.gseb.org પરથી પોતાનો બેઠક ક્રમાંક તથા  નોંધાવેલો મોબાઈલ નંબર લખી ઓનલાઈન મેળવી લેવાનો રહેશે.

ઉત્તરવહી અવલોકન માટે ઉમેદવારે પ્રવેશપત્ર, ગુણપત્રક/પ્રમાણપત્રની નકલ અને અવલોકન માટે "ફી" ભર્યાની રસીદ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

# SURAT- CYCLOTHON

સુરતમાં અંગદાન પ્રત્યે જાગૃતિ ફેલાય તે માટે સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, સુરત પોલીસ કમિશ્નર અનુપમ સિંહ, સુરતના મેયર દક્ષેશ માવાણી સહિત મોટી સંખ્યામાં સાયકલ સવારોએ ઉપસ્થિત રહી અંગદાન જાગૃતિનો ફેલાવ કર્યો હતો. અમારા સુરતના પ્રતિનિધી લોપા દરબાર જણાવે છે કે, અઠવાગેટ ખાતેથી સુરત પોલીસ કમિશનર, ગૃહરાજ્યમંત્રી તેમજ મેયર દ્વારા સાયક્લોથોનને લીલી ઝંડી આપવામાં આવી હતી.